વરસાદથી અધિકારીઓની ઉંઘ હરામ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ડામર રોડની ગેરરીતીઓ બહાર આવી

તપાસના નામે માત્ર તમાશા, ઉચ્ચ કક્ષાએથી તપાસ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

જિલ્લામાં વરસાદ વરસ્યા પછી છેલ્લા ૬ મહિનામાં બનેલા અનેક ડામર રોડની ગેરરીતીઓ બહાર આવી રહી છે. ફરિયાદ પછી તપાસના નામે નાટક અને કેટલાક કિસ્સાઓમાં ફરિયાદી નાટ્યાત્મક ઢબે નિવેદન ફેરવી લેતાં ભ્રષ્ટાચારની ચુંગાલમાંથી ક્યારે બહાર આવીશું..?? તેવા સવાલ સાંભળવા મળે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કપરાકાળમાં અનેક વિકાસના કામો ખોરંભે પડ્યા હતા જેના કારણે પોતાનાં ખિસ્સાં ભરવા ટેવાયેલા અધિકારીઓ અને તેમના કહ્યાગરા કોન્ટ્રાક્ટરોનું વજન ઘટવા લાગ્યું હતું પરંતુ હવે સરકાર દ્વારા વિકાસના કામો શરૂ કરાતાં ગ્રામ્ય વિસ્તારમાં થયેલા ડામર કામમાં નર્યા ભ્રષ્ટાચારની બદબુ સામે આવી હતી. ફરિયાદો પછી કેટલાક વિસ્તારોમાં ડામર રોડ ઉખાડી નવેસરથી ડામર કામ કરવા કોન્ટ્રાક્ટરને સૂચના આપી સરકારી બાબુઓએ સંતોષ માન્યો. આ માત્ર લોકરોષ ઠારવાનો દેખાડો હતો. તાજેતરમાં વરસેલા દોઢ થી આઠ ઈંચ વરસાદમાં અનેક ડામર રોડની પોલ ખૂલી ગઈ છે. કેટલાક વિસ્તારોમાં તો ડામર રોડમાં સ્પેશ્યલના બદલે સેમી માલ વાપર્યાનું પોત પ્રકાશ્યું છે. ઉચ્ચ કક્ષાએથી આ અંગે તપાસ થાય તો બંન્ને જિલ્લામાં ડામર રોડના કામમાં થયેલી ગોબાચારીનો મોટાપાયે પર્દાફાશ થઈ શકે છે.

શિક્ષણ કાર્ય શરૂ : જિલ્લાની અનેક શાળાઓના વિદ્યાર્થીઓનાં પાઠ્યપુસ્તકો માટે વલખાં

વાલીઓ ખાડે ગયેલી વ્યવસ્થા સામે રોષે ભરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાના દોઢ મહિના પછી પણ ધો.૧૧-૧૨ ના અનેક છાત્રોને પાઠ્યપુસ્તકો મળ્યાં નથી જેના કારણે પાઠ્યપુસ્તક માટે વલખાં મારતા જોવા મળ્યા. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા જિલ્લાઓની શાળાઓને પૂરતા પ્રમાણમાં પાઠ્યપુસ્તક ફાળવણી ન થતાં આ સ્થિતિ ઉદ્ભવી છે. વાલીઓ ખાડે ગયેલી વ્યવસ્થા સામે રોષ વ્યક્ત કરતા જોવા મળ્યા.

દર વર્ષે નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય એટલે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પુસ્તકના નામે રામાયણ શરૂ થઈ જાય છે. ડી.ઈ.ઓ. કચેરી મારફતે જે તે નોડલમાં પાઠ્યપુસ્તકો પહોંચાડવાના હોય છે અને નોડલ મારફતે જે તે શાળાઓને પાઠ્યપુસ્તકની વિદ્યાર્થી સંખ્યાના આધારે ફાળવણી થતી હોય છે. આ વર્ષે શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ હતું અને યોગ્ય રીતે પાઠ્યપુસ્તકનું વિતરણ થઈ જશે તે રીતે કામગીરી શરૂ કરવાની હતી પરંતુ રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના ખાટલે ખોડ હોય તેમ વિતરણ વ્યવસ્થા તો બાજુ ઉપર રહી પરંતુ પૂરતા પ્રમાણમાં પાઠ્યપુસ્તકો જિલ્લાની અનેક શાળાઓ સુધી પહોંચ્યા નથી. માત્ર કોમન ગણાતા વિષયના જ પાઠ્યપુસ્તકો શાળામાં પહોંચ્યા અને તે પણ ઓછા હોવાથી શાળાના વિદ્યાર્થીઓમાં અંદરો અંદર કકળાટ શરૂ થયો છે. ગુણવત્તાયુક્ત શિક્ષણની ડાહી ડમરી વાતો તો થઈ રહી છે પરંતુ વિદ્યાર્થીઓને ભણવા માટે મહત્વનાં પાઠ્યપુસ્તક શાળા શરૂ થયાના દોઢ મહિના પછી પણ નસીબ ન થતાં સીસ્ટમમાં વ્યાપેલા સડાને તાકીદે દુર કરવો જોઈએ તેવું વાલીઓ જણાવી રહ્યા છે.

બાયડ પાલિકામાં બીજી ઑગષ્ટે યોજાશે સેવાસેતૂ કાર્યક્રમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ પાલિકા વિસ્તારનો સેવાસેતૂ કાર્યક્રમ તા.૨ ઑગષ્ટ, સોમવારના રોજ બાયડ પાલિકામાં યોજાશે જેમાં આધારકાર્ડ, જાતિના દાખલા, અમૃતમ કાર્ડ સહિત વિવિધ દાખલાની જરૂરીયાત હોય તેવા અરજદારોએ જરૂરી આધારો સાથે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. સેવાસેતૂમાં આવનારા લોકોએ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવું પડશે તેમજ ફરજીયાત માસ્ક પહેરવા જણાવાયું છે.

ગૌરવ : ગાંધીનગર જિલ્લા ભાજપ કિસાન મોરચા પ્રભારી તરીકે ફલજીભાઈ પટેલની નિયુક્તિ

ઈડર, તા.૨૮

વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો

કેસરીયો લહેરાય તે માટે સંગઠનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ શરૂ થયા છે. ખેતી બેન્ક-સાબરકાંઠા, અરવલ્લી ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયેલા ફલજીભાઈ ગેમરભાઈ પટેલ(ઈડર)ની પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા ગાંધીનગર જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રભારી તરીકે નિયુક્તિ કરાતાં ઈડર તાલુકા તેમજ જિલ્લા ભાજપ સંગઠનમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો છે. ફલજીભાઈ પટેલે જણાવ્યું કે પક્ષે મારા ઉપર જે વિશ્વાસ મૂક્યો છે તેને હું સાર્થક કરવાનો પ્રયાસ કરીશ.

ગૌરીવ્રતની પૂર્ણાહૂતિ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શિવાલયો ફરી સૂમસામ બન્યા

કોરોના અને વધતી મોંઘવારીના કારણે પર્વ ફિક્કું રહ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ગૌરીવ્રતની પૂર્ણાહૂતિ થઈ છે ગૌરીવ્રત દરમ્યાન ધમધમતા જિલ્લાના શિવાલયો ફરી સૂમસામ બન્યા છે. કોરોના અને વધતી મોંઘવારીના કારણે દાયકામાં સૌથી ફિક્કું પર્વ બની રહ્યું. આવનારા દિવસોમાં બજારોમાં નવી રોનક નહીં આવે તો તેની ગંભીર અસરો જન્માષ્ટમીના પર્વ ઉપર જોવા મળી શકે છે.

જિલ્લાની ઉત્સવપ્રિય પ્રજા ગમે તેવા દુઃખદર્દ ભૂલીને પણ ઉત્સાવ ઉજવતી હોય છે. ગૌરીવ્રતનું પર્વ નજીક આવતાં બજારમાં અઢળક સૂકો મેવો ફલવાયો પરંતુ ગત વર્ષની સરખામણીએ ઓછા ભાવ છતાં વેપારીઓને સૂકામેવાના વેચાણમાં મંદી જણાઈ. ગૌરીવ્રતનું પર્વ શરૂ

થયું ત્યાર પછી જવાપાર્વતી વ્રતની શરૂઆત થઈ અને જાગરણ પણ પૂરાં થયાં પરંતુ વ્રતની અસર બજારોમાં જોઈએ તે પ્રમાણે જોવા મળી નથી. સતત વધતી મોંઘવારીએ પ્રજાની કેડ ભાંગી નાખી છે અને કોરોનામાં મોટાભાગના પરિવારોના ધંધા-રોજગાર ચોપટ થઈ જતાં પરિવારની દિકરીઓએ પણ માતા-પિતાની આર્થિક હાલતને સમજી ગૌરીવ્રતનું પર્વ સાદગીપૂર્વક ઉજવ્યું. શિવાલયોમાં પૂંજા માટે ભીડ જોવા મળતી પરંતુ ગોર મહારાજોને પણ અગાઉના ગૌરીવ્રત જેવી દક્ષિણા મળી નથી.

ચિંતા : સાબરકાંઠા, અરવલ્લીમાં ફરી ધીમા પગલે કોરોનાના કેસમાં વધારો

સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભૂલાતાં ગંભીર સ્થિતિના ભણકારા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ફરી કોરોનાનું સંક્રમણ આવી રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ધીમા પગલે કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. આરોગ્ય તંત્ર ભલે કોરોનાના પોઝિટિવ કેસ ન હોવાનું રટણ કરે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત કેસમાં પાછલા એક સપ્તાહથી ઉછાળો આવ્યો છે. સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભૂલાયું છે અને હવે મેળાવડાઓમાં નિયત કરાયેલી સંખ્યા કરતાં વધુ જનમેદની ઉમટતાં કોરોનાની તિવ્ર ગતિને કોઈ તાકાત રોકે તેવું દેખાતું નથી.

કોરોનાની બીજી લહેર શાંત થઈ પછી થોડાક જ દિવસમાં પ્રજાએ માની લીધું કે કોરોના વિદાય થઈ ગયો છે. પાછો આવવાનો નથી. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રજાને ચેતવી હતી કે કોરોના ગયો નથી, સાવધાની રાખજો પરંતુ મોટાભાગની લાપરવાહ પ્રજાએ ઘરની અંદર અને બહાર નિકળે તો પણ માસ્ક પહેરવાનું ભૂલ્યા છે. બજારો, શોપીંગ મોલ, સરકારી કચેરીઓ, બહુમાળી ભવનમાં સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. રસીકરણ ઝૂંબેશને એક સપ્તાહથી નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રજાને હવે એમ છે કે કોરોના અમારૂ કશું બગાડવાનો નથી તેવી માનસિક્તામાં કોવિડ-૧૯ ગાઈડલાઈનના તમામ નિયમોનું ઉબાળીયું કર્યું છે. શાળાઓમાં ઓફ લાઈન શિક્ષણ શરૂ થયું જેથી આવનારા દિવસોમાં કોરોના સંક્રમણ ફરી ગામડાઓ સુધી વિસ્તરવાની દહેશત છે કારણ કે અનેક શૈક્ષણિક સંકુલોમાં કોવિડ-૧૯ ગાઈડલાઈનનો અમલ માત્ર દેખાડા પૂરતો થઈ રહ્યો છે. વાસ્તવમાં સ્થિતિ કંઈક જુદી છે. હવે કુદરત જ જિલ્લાની પ્રજાને કોરોનાની મહામારીથી બચાવી શકે.

ખુદાબક્ષ મુસાફર પકડવા ટીકીટ ચેકરોની દોડધામ

જિલ્લાની એસ.ટી. બસમાં કાયમી ચેકીંગથી મુસાફરોમાં રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

એસ.ટી. બસમાં ખુદાબક્ષ મુસાફર ટીકીટ વગર પ્રવાસ કરતા હોય તો તેમને પકડવા માટે ટીકીટ ચેકરોની ટીમો દોડધામ કરી રહી છે. જિલ્લાની એસ.ટી. બસ બસ મથકમાં ઉભી હોયને ટીકીટ ચેકીંગ થાય તે માની શકાય પરંતુ હવે દોડતી બસમાં પણ કાયમી ટીકીટ ચેકીંગથી મુસાફરો રોષે ભરાયા છે. ટીકીટ વગરના મુસાફરો ભાગ્યે જ પકડાય છે અને તેની સામે ટીકીટ ચેકરોની ટીમ ચાર ગણા ઈંધણનો ધુમાડો કરતી હોવાના આક્ષેપ મુસાફરોમાંથી શરૂ થયા છે.

છેલ્લા કેટલાક સમયથી સતત ખોટના ખાડામાં ધકેલાતા એસ.ટી. તંત્રમાં નવી એસ.ટી. બસો ફાળવવામાં આવતાં આવકમાં વધારો થઈ રહ્યો છે. અનલૉક પછી સો ટકા રૂટ શરૂ કરવામાં આવતાં એસ.ટી. બસમાં મુસાફરોની ભીડ જોવા મળી રહી છે. કોરોનાના કપરા કાળમાં એસ.ટી.નાં પૈડાં થંભ્યાં હતાં જેથી ટીકીટ ચેકરોને નિરાંત થઈ પરંતુ હવે તમામ રૂટ ઉપર એસ.ટી. બસ શરૂ કરવામાં આવતાં ટીકીટ ચેકરોની ટીમો સરકારી વાહનો લઈ દોડવા લાગી છે. ખાસ કરીને

મોડાસા-બાયડ એસ.ટી. રૂટ ઉપર વારંવાર ટીકીટ ચેકરો એસ.ટી. બસ થોભાવી ખુદાબક્ષ મુસાફરોને શોધતા હોવાના કારણે કાયમી મુસાફરો સમસમી ઉઠ્યા છે. એસ.ટી. બસ ચેક કરવા છતાં કોઈ મુસાફર ટીકીટ વગર મળતો ન હોવાના કારણે અન્ય મુસાફરોનો સમય વેડફાતો હોય છે. ઘણા લાંબા સમયથી આ પ્રકારે વિવિધ ટીકીટ ચેકરોની ટીમો એસ.ટી.ના અન્ય રૂટો ઉપર પણ ચેકીંગ કરતી હોવાના કારણે કાયમી અપ-ડાઉન કરતા મુસાફરો તેમજ એસ.ટી. પાસધારકો તંત્ર સામે રોષે ભરાયા છે.

સુરત જહાંગીરાપુરમાં ફ્લેટમાંથી જુગાર રમતા ૯ શકુનીઓને પોલીસે ઝડપી પાડ્યા

સુરત જહાંગીરાપુરના એક ફ્લેટમાંથી જુગાર રમતા ૯ને પોલીસે રૂપિયા ૬.૩૬ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.તમામ જુગારીઓ સામે કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના નિયમોનું ઉલ્લંઘન કર્યા બદલ તેમજ જાહેરનામાના ભંગ બદલની કાર્યવાહી પણ કરવામાં આવી છે. જહાંગીરપુરાના શરનમ રેસીડન્સી ફ્લેટ નં.જી-૧૦૪માં જુગારધામ ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે, ફ્લેટ હાર્દીક બીપીનભાઈ ઠક્કરનો હોવાનું અને એ પોતાના અંગત લાભ માટે જુગાર રમાડતો હોવાનું બહાર આવ્યું હતું.

મોડાસા પોસ્ટ ઓફીસમાં ટેકનિકલ ખામીથી ઓનલાઈન કામગીરી ઠપ્પ

૨ દિવસ બાદ ખામી દૂર થતાં કામનું ભારણ વધ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

મોડાસાની પોસ્ટ ઓફીસમાં ટેકનિકલ ખામીથી ૧૪ કોમ્પ્યુટર દ્વારા થતી રોજીંદી ઓનલાઈન કામગીરી ખોરવાઈ ગઈ હતી. ૨ દિવસ પછી સેવા રગશિયા ગાડાની જેમ શરૂ થઈ પરંતુ કામનું ભારણ વધ્યું છે. અમદાવાદથી પોસ્ટ વિભાગે ટેકનિશીયનને બોલાવ્યો છતાં હજુ સુધી આવ્યો ન હોવાના કારણે શરૂ થયેલી ઓનલાઈન કામગીરી ગમે તે ઘડીએ ખોટકાઈ શકે છે.

સરકાર ઓનલાઈન કામગીરીને વધુ મહત્વ આપી રહી છે. સરકારના તમામ વિભાગોમાં હવે કોમ્પ્યુટરાઈઝ ઓનલાઈન સેવાઓ મળતી થઈ છે પરંતુ ખાટલે મોટી ખોડ હોય તેમ સ્થાનિક નિષ્ણાત ટેકનિશીયનોની સેવા મળતી નથી જેથી ક્યારેક દિવસો સુધી કોમ્પ્યુટર ઉપકરણોમાં સર્જાતી ખામીઓના કારણે કામ અટવાતું હોય છે. મોડાસાની પોસ્ટ ઓફીસમાં છેલ્લા ૨ દિવસ સુધી કોમ્પ્યુટર સેફીમાં ખામી સર્જાઈ હતી જેના કારણે કચેરીના કોમ્પ્યુટરો ઠપ્પ થઈ ગયાં હતાં. સ્પીડ પોસ્ટ તેમજ અન્ય પોસ્ટ સબંધી કામગીરી ઓનલાઈન કરવામાં આવી રહી છે તે સંજોગોમાં કોમ્પ્યુટર કામગીરી ખોટકાઈ પડતાં કચેરીમાં કામનું ભારણ વધી ગયું છે. પોસ્ટ વિભાગ દ્વારા કોમ્પ્યુટર ઉપકરણમાં ખામી સર્જાઈ હોવાની જાણ વડી કચેરીને કરી તાત્કાલિક ટેકનિશીયન મોકલવા માટે રજૂઆત કરવામાં આવી હોવા છતાં ૨ દિવસનો સમય વીતી ગયો છે છતાં ટેકનિશીયનની સેવા મળી શકી નથી જેથી સ્થાનિક કક્ષાએ કોમ્પ્યુટરના જાણકારને બોલાવી કામચલાઉ સેવા શરૂ કરવામાં આવી છે. યોગ્ય ટેકનિશીયનની સેવા ન મળતાં આગામી સમયમાં ફરીથી પોસ્ટ કચેરીની ઓનલાઈન કામગીરી ખોટકાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

નવસારીમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આધેડે આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર

નવસારી,તા.૨૮

વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને અનેક લોકો મોતને વ્હાલું કરી લેતા હોય છે. આવા બનાવો અવારનવાર પોલીસ ચોપડે નોંધાતા રહે છે. હવે નવસારીમાં વ્યાજખોરોના ત્રાસથી એક આધેડે આપઘાતનો પ્રયાસ કર્યો છે. હાલ હૉસ્પિટલ ખાતે આધેડની સારવાર ચાલી રહી છે. આપઘાત કરતા પહેલા આધેડે એક વીડિયો મારફતે પોતાની વેદના વ્યક્ત કરી હતી. વ્યાજખોરોએ આધેડ તેમજ તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ વીડિયો વાયરલ થયો છે. પોલીસે આ મામલે વ્યાજખોરો સામે કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે બાંધકામનું કામ કરતા વિજલપોરના આધેડે વ્યાજખોરોના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કર્યો છે. વ્યાજખોરો અવારનવાર ધમકી આપતા હોવાથી આધેડે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી દવા પીધા પહેલા આધેડે એક વીડિયો મારફતે પોતાની વેદન વ્યક્ત કરી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

આ મામલે વિજલપોર પોલીસે આધેડના પરિવારોના નિવેદન નોંધ્યા હતા. જે બાદમાં પોલીસે ત્રણ વ્યાજખોરો સામે ફરિયાદ નોંધી છે. વ્યાજખોરો આપઘાતનો પ્રયાસ કરનાર આધેડ પાસે કુલ ૨૫ લાખ રૂપિયાની માંગણી કરતા હતા. જેમાંથી દીપક શર્મા નામના વ્યાજખોરે ૨૦ લાખ રૂપિયા અને ગીરીરાજ શર્મા ઉર્ફે દાઢીએ ૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ ઉપરાંત કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા મહેશ શર્મા અને અને તેના પરિવારને મારી નાંખવાની ધમકી પણ આપી હતી. પોલીસે આ મામલે ગીરીરાજ ઉર્ફે દાઢી શર્મા, દીપક શર્મા અને હરિઓમ શર્મા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

છોટાઉદેપુરના છુછાપુરા નજીક બસ-કાર વચ્ચે જીવલેણ અકસ્માત : ૪ના મોત

કારનો ગૂંચડો વળી ગયો, પતરાં કાપી મૃતદેહો બહાર કઢાયા

બોડેલી,તા.૨૮

રાજ્યમાં હાલ અકસ્માતની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. લોકડાઉન સમયે રસ્તા પર વાહનોની અવર જવર ઓછી હોવાના કારણે અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ કોરોનાનું સંક્રમણ ઓછું થતાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વધુમાં વધુ છૂટછાટ આપવામાં આવતા રસ્તા પર હવે વાહનોની અવર જવર વધી છે અને આ જ કારણે અકસ્માતોની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. ત્યારે રાજયમાં વધુ એક જીવલેણ અકસ્માતની ઘટના ઉત્તર ગુજરાતમાં છોટા ઉદેપુરમાં સામે આવી છે.

કાર અને બસ વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. અકસ્માતની ઘટનામાં કારનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. અકસ્માતની ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પોલીસે મૃતદહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી સમગ્ર મામલે ગુનો નોંધીને તપાસના ધમધમાટ શરૂ કર્યો છે.

રિપોર્ટ અનુસાર ઉત્તર ગુજરાતના છોટાઉદેપુર તાલુકાના બોડેલી-વડોદરા હાઈ-વે પર મોડી રાત્રે છછુપુરા પાસે એક જી બસ અને કાર વચ્ચે અકસ્માતની ઘટના સામે આવી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, જી બસની ટક્કરથી કારનો કચ્ચરઘાણ બોલી ગયો હતો.

અકસ્માતની ઘટનામાં કારમાં સવાર ચાર લોકોને ગંભીર ઈજા થવા પામી હતી. આ ઘટનાને પગલે રાહદારીઓ તાત્કાલિક બચાવની કામગીરી માટે ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે લોકો કારમાં સવાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ચાર લોકોને બહાર કાઢે તે પહેલા તેમને દમ તોડી દીધો હતો.

અકસ્માત સર્જનાર જી બસ કાલાવડ-રાજકોટ-છોટાઉદેપુર રૂટની બસ હતી. જે કાર સાથે બસનો અકસ્માત થયો હતો તે કાર મધ્યપ્રદેશના પાર્સિંગની હતી. અકસ્માતની ઘટનામાં કારમાં સવાર ચાર લોકોના મોત થયા હતા. પણ બસમાં સવાર એક પણ મુસાફરને ઈજા થઈ ન હતી.

લોકો એ આ ઘટનાની જાણ પોલીસને કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, અકસ્માતમાં જે લોકોના મોત થયા છે તે લોકો મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના છે અને પોલીસને મૃતદેહોને કારમાંથી બહાર કાઢતા સવાર પડી ગઈ હતી. કારના પતરા એટલી હદે વળી ગયા હતા કે, પોલીસને કારના પતરા દૂર કરવા માટે ત્રઝમ્ની મદદ લેવી પડી હતી.

પોલીસે ચારેય મૃતદેહોને કારમાંથી બહાર કાઢીને તેમને સંખેડાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની ઘટનામાં બસના આગળના ભાગને પણ નુકશાન થયું હતું અને બસ જે સમયે કાલાવડથી છોટા ઉદેપુર જઈ રહી હતી તે સમયે આ અકસ્માત સર્જાયો હતો.